જા.નં:નિ.અને અ.સ./અષણ-૨/૧૩૩૦/૨૦૧૩
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ , ગુ.રા., વિંગ – બી ,
ચોથેમાળ, કૃષિભવન ,પાલડી, અમદાવાદ.
તા.૨૭/૯/૨૦૧૩

## - : જાહેરનામું : -

**(સહકાર ખાતાના ઓડીટ મહેકમ ઉપરના ઓડીટર તરીકે કામગીરી બજાવતા અધિકારી/ કર્મચારીઓની પેનલ યાદી)**

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૨(૧) તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાયદામાં સુધારા અંગેના, ગુજરાત એક્ટ નં.૧૭/૨૦૧૩ ગર્વ.ગેઝેટ તા.૧૫/૪/૨૦૧૩ થી સુધારાઓ અમલમાં આવતા, સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં તા.૨૭/૯/૨૦૧૩ નાં પત્રક્રમાંક: જીસીએસ-૧૦-૨૦૧૩-૭૯૫-છ થી સહકાર ખાતાના ઓડીટ મહેકમના ઓડીટર તરીકે (વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના) કામગીરી બજાવતાં અધિકારી/કર્મચારીઓની પેનલ યાદી પ્રસિધ્ધ કરવા મુખ્ય કાર્યપાલક અધિકારી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ અધિકૃત કરતાં સહકાર ખાતાના ઓડીટ મહેકમ ઉપર ઓડીટર તરીકે (વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના) ફરજો બજાવતાં ઓડીટરોની જિલ્લાવાર/હોદ્દાવાર નિયંત્રણ હેઠળની જગ્યાઓ પ્રામાણેની રજુ થયેલ વિગતો અન્વયે પેનલ યાદી પ્રસિધ્ધ થયા તારીખથી અન્ય હુકમો ન થાય ત્યાં સુધી આ સાથે સામેલ યાદી મુજબ નીચેની શરતો મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને જે તે ઓડીટરની જગ્યાનાં હોદ્દા ઉપર ફરજો બજાવતાં ઓડીટરોને, કલમ-૮૪ અન્વયે આથી માન્યતા આપવામાં આવે છે.

(૧) તા.૧૩/૧૪-૮-૨૦૧૩થી પ્રસિધ્ધ થયેલ પેનલ યાદીમાં સમાવિષ્ટ થયેલ C.A.Firm/C.A.પ્રમાણિત અન્વેષકોની,જે તે સહકારી સંસ્થાઓએ સહકારી કાયદાની કલમ-૮૪(૨) મુજબ, તેમના નાણાંકીય વર્ષ પુર્ણ થયાના છ માસની અંદર, કલમ-૮૪(૧) મુજબ ઓડીટ માટે મંડળીએ ઠરાવ કરીને, કલમ-૮૪(૬) મુજબની સરકારશ્રીના ધારાધોરણ મુજબની ઓડીટ ફી એટલે સરકારશ્રીના તા.૬/૭/૧૯૮૨ ના જાહેરનામા મુજબ હાલના અમલી ઓડીટ ફી ના દરો અમલી છે. તે પ્રમાણે નિયત થયા મુજબ ચુકવવાનું નક્કી કરીને તથા જરૂરી શરતો તેમની સાથે નક્કી કરીને કલમ-૮૪(૨) અન્વયે પ્રસિધ્ધ થયેલ આ પેનલ યાદીઓમાંથી ઓડીટર તરીકે તેમની નિમણુંક કરવાની રહે છે. તેમજ જે સહકારી સંસ્થાઓ, તેમનું ઓડીટ, સરકારશ્રીના ઓડીટરો પાસે, કરાવવા માગતી હોય તો તેવી સંસ્થાઓ આ પેનલમાંથી ઉપર મુજબ જ ઠરાવ કરીને ઓડીટરની નિમણુંક કરીને ઠરાવ સાથે સબંધિત સ્પેશ્યલ ઓડીટરશ્રી (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસની કચેરીને જાણ કરવાની રહેશે. સાથે સાથ જે સહકારી સંસ્થાએ સુધારેલ સહકારી કાયદાની કલમ-૮૪(૧) ની જોગવાઇઓ દ્વારા તેમનું નાણાંકીય વર્ષ પુર્ણ થયેથી છ માસમાં, તેનું ઓડીટ કરાવવામાં નિષ્ફળ જાય તો મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીએ મંડળીનું ઓડીટ કરાવવું જોઇશે અને આવા ઓડીટ માટેનો થયેલ ખર્ચ મંડળી પાસેથી વસુલ કરવો જોઇશે. જે વિગતે, જે તે સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ_ઓફીસને તેમને પ્રાપ્ત થયેલ સત્તાઓ અન્વયે સહકાર કમિશ્નર અને રજીસ્ટ્રારશ્રીના કાર્યાલયના તા.૨૧/૯/૧૩ ના પરિપત્ર ક્રમાંક;અષણ-૨૧-જ-૨-૨૮૭-૨૦૧૩ માં જણાવેલ વિગતોને ધ્યાનમાં લઇને તેમજ વખતો વખતના સુધારાને આધિન રહીને તેમના નિયંત્રણ હેઠળની સહકારી સંસ્થાઓના, જે તે વર્ષના નવા સુધારેલ કાયદાની વિગતોએ તેમને રજુ થયેલ સંસ્થાના ઠરાવો અને તેવી સંસ્થાઓના થયેલ ઓડીટ અને મળેલ ઓડીટ રીપોર્ટોની, રેકર્ડ ઉપર નોંધ કરીને, જે સંસ્થાઓના ઓડીટ તા.૩૦/૯/૨૦૧૩ સુધીમાં પુર્ણ

થયા નથી અને ઓડીટ રીપોર્ટ ૧૫/૧૦ સુધીમાં ઉપલબ્ધ થયા નથી તેવી સંસ્થાઓની વિગતો તૈયાર કરીને, નીચે જણાવેલ ખાતાના સુચનાઓ ધ્યાનમાં લઇને, આ સાથે સહકાર ખાતાના ઓડીટ મહેકમ ઉપરના ઓડીટરો (વર્ગ-૧ થી ૩ સુધીના) ની હોદ્દાવાર અને જિલ્લા પ્રમાણેની પ્રસિધ્ધ થયેલ ખાતાના ઓડીટ મહેકમ ઉપરના G.D.C & A ની લાયકાત ધરાવતા ઓડીટરોની પેનલ યાદીમાંથી ઓડીટ કાર્યક્રમ મુજબ તેમની કક્ષાએથી ઓડીટ ફાળવણી, સ્થાયી સુચનાઓને ધ્યાનમાં લઇને, કક્ષાવાર કરવાની રહેશે.

(૨) સહકારી મંડળીઓ આ પ્રસિધ્ધ થયેલ ઓડીટરોની પેનલ યાદીમાંથી, તેમના જિલ્લાની યાદીના, ઓડીટરનો, ઓડીટ માટે મંડળી ઠરાવથી નિમણુંક કરીને ઠરાવસહ તેના સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસને જાણ કર્યેથી જે તે સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ આ ઓડીટની ફાળવણીના હુકમો કરી શકશે. જે તે પેનલ પરના ઓડીટરનું કાર્યક્ષેત્ર જિલ્લા પુરતુ સિમિત રહેશે.

(3) સંસ્થાઓની ઓડીટ ફી, ઉપર જણાવેલ વિગતોએ ગણત્રી કરીને, સરકારશ્રીમાં ચલનથી જમા કરાવીને, ચલન જે તે સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસને રજુ કરવાનુ રહેશે.

(૪) સહકાર ખાતાના ઓડીટરોની આ પેનલ જાહેર થયેથી તા.3૦/૯/૨૦૧૩ ના રોજ ઓડીટ અર્થે બાકી રહેલ મંડળીઓની ઓડીટ ફાળવણી સબંધિત કચેરીઓએ તાત્કાલિક કરવાની રહેશે. તેમજ સહકાર ખાતાના ઓડીટરોની આ પેનલયાદી ઉપરના કોઇ પણ અન્વેષકોને, કોઇ પણ પ્રકારની મંડળીનું ઓડીટ સોંપવામાં આવે તો તે સમય-મર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે.

(૫) સહકારખાતાના ઓડીટની આ પેનલ ઉપર G.D.C & A ની લાયકાત ધરાવતાનો જ સમાવેશ કરવામાં આવેલ છે. Non G.D.C & A ઓડીટર હોવાનું ધ્યાને આવ્યાનું જણાયે તેનું નામ તાત્કાલિક દુર કરવા જણાવવાનું રહેશે. તેમને કોઇ પણ પ્રકારનું ઓડીટ સોંપવાનું રહેશે નહિં.

(૬) પેનલ ઉપરના ખાતાના અન્વેષકે, ઓડીટની કામગીરી સમયે પોતાની પાસે ઓળખના આધાર તરીકે તેનું આઇડેન્ટીડી કાર્ડ/(ઇન્કટેક્ષ ડીપાર્ટમેન્ટનું પાનકાર્ડ કે મતદાર ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે, અને રજુ કરવાનું રહેશે.

(૭) સહકાર ખાતાના ઓડીટ મહેકમ ઉપરના ઓડીટરો (વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના) અધિકારી/કર્મચારીઓની, પ્રમાણિત અન્વેષકોની આ પેનલ ઉપરના અન્વેષકોને જિલ્લા સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ કયાં પ્રકારની, સહકારી મંડળીઓના ઓડીટ સુપ્રત કરવા તે અંગેની માર્ગદર્શક સુચનાઓ નીચે પ્રમાણેની છે. તો તે મુજબની વિગતો ધ્યાને લઇને જે તે નિયંત્રણ અધિકારીએ તે મુજબની કામગીરી સુપ્રત કરવાની રહેશે.

આ અંગેના ધોરણો છેલ્લે, આ કાર્યાલયના તા.૪/૭-૭-૨૦૦૭ પરિપત્ર ક્રમાંક:નિઅનેઅસ/ અષણ-૨/૧૧૮૭/૨૦૦૭ થી નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ છે જે મુજબ તેમની કક્ષાવાર, તેમની સામે દર્શાવેલ અન્વેષણ ક્ષમતામાં ઓડીટ કામગીરી સુપ્રત કરતી વખતે વિચારણામાં લેવાની રહેશે. તેમજ અન્ય સ્થાયી સુચનાઓ હોય તો તે પણ ધ્યાને લેવાની રહેશે.

| ક્રમ નં | અન્વેષકનો હોદ્દો (નિવૃત્તિ સમયનો) | સુચિત અન્વેષણ ક્ષમતા (તારીજના આધારે) |
|---|---|---|
| ૧ | સબ ઓડીટર | રૂ.૫૦ લાખ સુધીની |
| ૨ | ઓડીટર ગ્રેડ-૨ | રૂ.૫૦ લાખથી ૧ કરોડ સુધીની |
| ૩ | ઓડીટર ગ્રેડ-૧ | રૂ.૧ કરોડથી ૨ કરોડ સુધીની |

| | | |
|---|---|---|
| ૪ | સ્પેશ્યલ ઓડીટર વર્ગ-૨ અને વર્ગ-૧ | રૂ.૨ કરોડથી ઉપર |

(૮) જે જિલ્લાઓનું વિભાજન થયેલ છે તેવા નવ નિર્મિત સાત જિલ્લાઓમાં, જિલ્લા વિભાજન પહેલાંનો બૃહદ જિલ્લો ધ્યાને લેવાનો રહેશે.

(૯) સહકાર ખાતાના ઓડીટ મહેકમ ઉપરના ઓડીટરોની (વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના) આ પેનલ યાદી પ્રસિધ્ધ થયા તારીખથી અન્ય હુકમો ન થાય ત્યાં સુધી અમલી રહેશે.

ઉક્ત સુચનાઓનું ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે,

સ્થળ: અમદાવાદ
તા.૨૭/૯/૨૦૧૩

(એમ.ડી.ચૌહાણ)
મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકાર ખાતુ, ગુ.રા.,
અમદાવાદ

**<u>નકલ સાદર/સવિનય રવાના:-</u>**

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.(સાદર)

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સ.મં, ગુ.રા, ગાંધીનગર.(સાદર)

(૩) સ્પેશ્યલ ઓડીટરશ્રી(મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ.

૨/- જાણ તેમજ તેમના તરફથી સહકાર ખાતાના ઓડીટરોની (વર્ગ-૧ થી ૩ સુધીના) આ પેનલ યાદીની તેમના નિયંત્રણ હેઠળની તમામ સહકારી સંસ્થાઓને જાણ કરવી તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર પણ પ્રસિધ્ધ કરવી તેમજ સબંધિત આ પેનલ ઉપરના પ્રસિધ્ધ થયેલ ઓડીટરોને જાણ કરવાની સુચના સહ .

(૪) મેનેજરશ્રી,સરકારી મધ્યસ્થ પ્રેસ ,સેક્ટર-૩૦,ગાંધીનગર.(સવિનય)

૨/- જાહેરનામું તથા સહકાર ખાતાના ઓડીટરોની આ પેનલ યાદી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરી તેની ૩૦ નકલો અત્રેના કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

(૫) જિલ્લા રજિસ્ટ્રારશ્રી (દુધ ફોલોઅપ) નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, ગુ.રા.,

અમદાવાદ.

૨/- Website ઉપર તાત્કાલિક પ્રસિધ્ધ કરી અત્રે જાણ કરવા વિનંતી સહ.

(૬) તમામ શાખા સદર કચેરી.

(૭) એસ.આર.ફાઇલ.

મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકાર ખાતુ, ગુ.રા.,
અમદાવાદ

## <u>પેનલ સમરી</u>

| અ. નં. | જિલ્લો | વર્ગ-૧ | વર્ગ-૨ | ગ્રેડ-૧ | ગ્રેડ-૨ | સબ ઓડીટર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ/ગાંધીનગર | ૧ | ૩ | - | ૭ | ૧૨ | ૨૩ |
| ૨ | મહેસાણા | ૧ | ૩ | ૧૦ | ૧૬ | ૧૭ | ૪૭ |
| ૩ | સાબરકાંઠા | ૧ | ૧ | ૪ | ૯ | ૧૦ | ૨૫ |
| ૪ | બનાસકાંઠા | ૧ | ૧ | ૩ | ૭ | ૧૫ | ૨૭ |
| ૫ | વડોદરા | ૧ | ૧ | ૧ | ૬ | ૧૧ | ૨૦ |
| ૬ | ભરૂચ | • | ૧ | - | ૨ | ૫ | ૮ |
| ૭ | સુરત | ૧ | ૨ | ૩ | ૭ | ૯ | ૨૨ |
| ૮ | વલસાડ | ૧ | - | ૧ | ૬ | ૫ | ૧૩ |
| ૯ | ખેડા/આણંદ/ફેડરેશન | ૨ | ૨ | ૮ | ૨૪ | ૧૦ | ૪૬ |
| ૧૦ | ગોધરા | ૧ | - | ૧ | ૫ | ૭ | ૧૪ |
| ૧૧ | રાજકોટ | • | ૧ | - | ૩ | ૮ | ૧૨ |
| ૧૨ | ભાવનગર | • | • | • | • | ૩ | ૩ |
| ૧૩ | સુરેન્દ્રનગર | • | ૧ | - | - | ૪ | ૫ |
| કુલ સરવાળો | | ૧૦ | ૧૬ | ૩૧ | ૯૨ | ૧૧૬ | ૨૬૫ |

. મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતુ,ગુ.રા.,અમદાવાદ.